# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax No :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :- www.suratdeo.org


જા.નં./રોસ્ટર/૨૦૨૪/૭૦૦૩ તા.૫-૦૭-૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી, (લઘુમતી સિવાય)

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત.જિ.સુરત.

<u>વિષય</u> :- તા.૦૧-૦૮-૨૦૨૪ની સ્થિતિએ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ખાલી પડેલી જગ્યાઓની ભરતી બાબતે રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા બાબત.

<u>સંદર્ભ</u> :- તા.૦૫-૦૭-૨૦૨૪ના રોજ મળેલ વીડિયો કોન્ફરન્સમાં મળેલ સૂચના.

ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, સુરત જિલ્લાની જે શાળાઓના માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં **તા.૦૧-૦૮-૨૦૨૪ની સ્થિતિએ શિક્ષકોની ખાલી જગ્યા હોય તેવી શાળાના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવાના રહેશે** જેથી ભરતી કરવાની હોય તેવી તમામ શાળાના આચાર્ય તથા આ બાબતના જાણકાર કર્મચારીઓને નીચે જણાવેલ સ્થળ અને સમયે બિનચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

કેમ્પના સ્થળે હાજર રહેતી વખતે સંદર્ભદર્શિત પત્રોનો પૂર્વ અભ્યાસ કરી તેમાં આપેલી સૂચનાનું પાલન કરવાનું રહેશે તથા રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવતી વખતે અગાઉના તમામ જૂના રોસ્ટર રજીસ્ટર, નવા રોસ્ટર રજીસ્ટર તથા હાલમાં જ પ્રમાણિત કરવામાં આવેલ દિવ્યાંગ (વિકલાંગ) રોસ્ટર રજીસ્ટર તથા તમામ પત્રકોમાં માહિતી ક્ષતિરહિત ભરી સાથે લાવવાના રહેશે. જે શાળામાં **તા.૦૧-૦૮-૨૦૨૪ની સ્થિતિએ જગ્યા ખાલી હોય તેવી જ શાળાના આચાર્યએ હાજર રહેવાનું છે**. જો નિયત સમયે/સ્થળે સબંધિત આચાર્ય હાજર નહી રહે તો આ બાબતની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે તેમજ આ સાથે આચાર્યના સ્ટેમ્પ પેડ, લેટર પેડ તેમજ અન્ય જરૂરી તમામ સ્ટેશનરી સાથે લઈને આવવાનું રહેશે.

**<u>સ્થળ</u> :- કર્મવીર સાંકળચંદ કાળીદાસ પટેલ વિદ્યાલય, અર્જુન કોમ્પ્લેક્ષની ગલી, બેન્ક ઓફ બરોડાની સામે, ભટાર રોડ, સુરત**

**<u>તારીખ</u> :- ૦૮-૦૭-૨૦૨૪**

**<u>સમય</u> :-**

| | |
|---|---|
| SVS 1 TO 5 | સવારે ૦૯.૦૦ કલાકે |
| SVS 11 TO 14 | બપોરે ૧૨.૦૦ કલાકે |
| SVS 6 TO 10 | બપોરે ૧૫.૦૦ કલાકે |

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત.જિ.સુરત.

ખાસ અગત્યનો
તાત્કાલિક
ઈ-મેલ મારફતે

ક્રમાંક : ધ/માધ્ય/મા-૨/રોસ્ટરપ્રમાણિત/૨૦૧૯/23883-912
કમિશનર શાળાઓની કચેરી,
બ્લૉક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તારીખ: ૨૨/૦૮/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા : તમામ
ગુજરાત રાજ્ય.

**વિષય :** સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા બાબત.

**સંદર્ભ :** ૧. આ કચેરીના તા.૨૯/૦૭/૨૦૧૯ ના પત્ર-ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/૨૦૧૯/૨૧૫૨૩-૫૬.
૨. આ કચેરીના તા.૦૭/૦૮/૨૦૧૯ ના પત્ર-ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/૨૦૧૯/૨૨૬૧૦-૪૬.
૩. આ કચેરીના તા.૦૮/૦૮/૨૦૧૯ ના પત્ર-ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/૨૦૧૯/૨૨૯૩૦-૩૩.
૪. શિક્ષણ વિભાગના તા.૨૪/૦૭/૨૦૧૯ ના પત્ર-ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/૧૫૮/૨.

[redacted] શ્રીમાન/શ્રીમતિ,

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પત્ર-૩ થી રાજ્યની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો/શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયા સત્વરે સમયમાં હાથ ધરવાની હોઈ હાલ સબબ (તા.૧૬/૦૮/૨૦૧૯ અંતિત) ખાલી જગ્યાઓ હોય તેવી શાળાઓના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા માટેના જિલ્લા કક્ષાના કેમ્પ તા.૨૧/૦૮/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ છે.

જિલ્લા કક્ષાએ રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત થયા બાદ શિક્ષણ વિભાગ તથા સામાજીક અને ન્યાય અધિકારીતા વિભાગ કક્ષાએ રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત કરવા રાજ્ય કક્ષાના કેમ્પનુ આયોજન કરવા તા.૨૬/૦૮/૨૦૧૯ થી એસ.ટી.ટી.આઈ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે.(વિગતવાર સૂચિત કાર્યક્રમ આ સાથે સામેલ છે)

સૂચિત કાર્યક્રમમાં આપને ફાળવેલ તારીખ અને સમયે ઉક્ત સૂચવેલ શાળાઓના રોસ્ટર રજીસ્ટરોને તા.૦૮/૦૮/૨૦૧૯ ના રોજ આયોજીત રોસ્ટરના માર્ગદર્શક ચર્ચામાં આપેલ સૂચનાઓ તથા ઝોનના માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા આયોજીત કેમ્પની સૂચનાઓને ધ્યાને લઈ જિલ્લા કક્ષાએથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરેલા રોસ્ટર રજીસ્ટરો તથા સંબંધિત તમામ વિગતો/આનુષાંગિક આધારો સાથે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

[redacted] **રોસ્ટર પ્રમાણિત કેમ્પ અન્વયે નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે :**

1. જે-તે જિલ્લા માટે ફાળવેલ સમયગાળા દરમ્યાન સંબંધિત જિલ્લાના હાલ સબબ ખાલી જગ્યા ધરાવતી તમામ શાળાના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત થઈ જાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. સદર કેમ્પ પૂર્ણ થયેથી આ અન્વયે કોઈ શાળા દ્વારા રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવાના બાકી હોવા અંગેની રજુઆત કરવામાં આવશે તો તેની જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીની રહેશે.
2. તમામ જિલ્લાઓને ઝોન કક્ષાની તા.૧૩/૦૮/૨૦૧૯ ના રોજ આયોજીત ઝોન કક્ષાના તાલીમ દરમિયાન ઝોનલ અધિકારીશ્રી તથા માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા અંગેની સૂચનાઓ આપવામાં આવેલ છે. આ સૂચનાઓનું સરળ સ્પષ્ટીકરણ અર્થે શિક્ષણ વિભાગના પરામર્શમાં તૈયાર થયેલ Power point Presentation(PPT) પણ આપવામાં આવેલ છે. જેની નકલ પુનઃ આ સાથે સામેલ રાખી આપના રજીસ્ટર્ડ ઈ-મેલ પર મોકલી આપવામાં આવે છે. જેનો ગહન અભ્યાસ કરી, આ સૂચનાઓ અન્વયે આપના જિલ્લાની શાળાઓના રોસ્ટર રજીસ્ટર તૈયાર થયેલ છે કે કેમ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
3. તા.૧૩/૦૮/૨૦૧૯ ના રોજ ઝોન કક્ષાએ આયોજીત માર્ગદર્શક કેમ્પમાં ઉપસ્થિત રહેલ સંબધિત જિલ્લાના તમામ ચાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને, જિલ્લાને ફાળવેલ સૂચિત તારીખ તથા સમયે, રાજ્ય કક્ષાના કેમ્પમાં અચૂક હાજર રહેવાનું રહેશે.
4. અત્રે ખાસ નોંધ લેવી કે, આ કેમ્પમાં શાળાઓના આચાર્યશ્રી/કર્મચારીશ્રીઓને સાથે લાવવાના રહેશે નહિ.
5. સૂચિત કાર્યક્રમ મુજબ જ્યાં સુધી જે-તે ઝોનમાં સમાવિષ્ટ તમામ જિલ્લાઓના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવાની કરાવવાની કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી જે-તે ઝોનના સંબધિત તમામ માસ્ટર ટ્રેઈનર્સે રાજ્ય કક્ષાના કેમ્પમાં ઉપસ્થિત રહેશે તથા

તેઓના ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાઓના રોસ્ટર શિક્ષણ વિભાગ તથા સામાજીક અને ન્યાય અધિકારીતા વિભાગના અધિકારીશ્રીઓ સમક્ષ રજુ કરતા પૂર્વે તેની યોગ્યતા સુનિશ્ચિત કરી લેવાની રહેશે.

6. રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત થયા બાદ આ કેમ્પમાં જિલ્લાના રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત થયા બાદ પ્રમાણિત થયેલ તમામ રોસ્ટરોની તારીજો અને પત્રકોની કુલ ત્રણ નકલ દિન-૦૫ માં અત્રેની કચેરીને અચૂક મોકલી આપવાની રહેશે.

<u>નીચેની વિગતો/આધારો સાથે લાવવાની રહેશે</u> :

1. સામાન્ય વહીવટ વિભાગના **તા.૨૫/૦૬/૨૦૧૯ ના ઠરાવથી નવા નિયત થયેલ આપના જિલ્લાના રોસ્ટર ક્રમાંકોની** સુવાચ્ય **ત્રણ નકલો** સાથે લાવવાની રહેશે.
2. રોસ્ટર રજીસ્ટર સાથે <u>નવા નિયત થયેલા</u> આધારો જેવા કે તારીજ, પત્રકો (ક, ખ, ગ, વિગેરે) વિગેરે સચોટ, સ્પષ્ટ અને સંપૂર્ણ વિગતો ભરી, સહી-સિક્કા સાથે અચૂક સાથે લાવવાના રહેશે. (નિયત નવા પત્રકો તથા તારીજોની દસ-બાર કોરી નકલો સાથે લાવે તે વધુ ઈચ્છનીય છે)

ઉક્ત તમામ સૂચનાઓ તથા સાથે માંગેલ વિગતોની આપની કક્ષાએથી અભ્યાસ કરી અંગત રસ લઈ, તમામ વિગતો-સહ આપની કચેરીના જવાબદાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને રૂબરૂ ઉક્ત દર્શિત સ્થળે હાજર રાખવા જણાવવામાં આવે છે. જેથી રોસ્ટર પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરી આગામી આનુષાંગિક પ્રક્રિયા હાથ ધરી શકાય.

(એચ.એન. ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક [redacted]
માધ્યમિક
ગાંધીનગર.

બિડાણ : ઉપર મુજબ

<u>નકલ સવિનય જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના</u> :-

- ઉપસચિવશ્રી, રોસ્ટર શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, મહેકમ શાખા, સદર કચેરી.
- સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ૧૦+૨ ખાસ ઘટક, સદર કચેરી.

સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮/૦૩/૯૯ ના ઠરાવ ક્રમાંક પવસ-૧૬૯૬-૮૭૮-ગ-૪-અન્વયે
જગ્યાઓ આધારીત (Posts Based) રોસ્ટર રજીસ્ટર

→ ખાતાનું/ કચેરીનું નામ :-
→ સચિવાલયના વિભાગનું નામ :-
→ સંવર્ગનું નામ :- વર્ગ :-
→ સંવર્ગનું પગાર ધોરણ :-
→ સંવર્ગનું કુલ સંખ્યા બળ :-

__________ વિભાગના તા. ________ ના જાહેરનામાં ક્રમાંક ______________ થી

__________ જગ્યાના ભરતીના નિયમો પ્રસિધ્ધ થયેલ છે. જેના અમલ ની તારીખ :- ________ છે.

→ ભરતી નિયમો અનુસાર તા. __________ થી સીધી ભરતી અને બઢતીનું નિયત થયેલ પ્રમાણ Ratio ______ છે.

→ ભરતી નિયમો માં વખતો વખત પહેલા સુધારાની વિગતો :- મા.વિ.અને ઉ.મા.વિ. અલગ અલગ રજીસ્ટર બનાવેલ છે.

→ સીધી ભરતી અને બઢતી ના નિયત ભરતી પ્રમાણ મુજબ :-
→ સીધી ભરતી ના ફાળે જતી કુલ જગ્યાઓની સંખ્યા :-
→ બઢતીના ફાળે જતી કુલ જગ્યાઓની સંખ્યા :-
→ સીધી ભરતીના ફાળે જતી કુલ જગ્યાઓમાં સા.વ.વિ.ના તારીખ-૦૮/૦૩/૯૯ ના ઠરાવની જોગવાઇઓ મુજબ જે તે જાતિ વર્ગો માટે નિયત થયેલી ટકાવારી મુજબ પ્રતિનિધિત્વ જાળવવા માટે ભરવાપાત્ર જગ્યાઓની - સંખ્યા

અનુસૂચિત જાતિ :-
અનુસુચિત જન જાતિ :-
સા. શૈ. અને પછાત વર્ગ :-
આર્થિક રીતે નબળા વર્ગ :-
શારીરિક ક્ષતી વાળા :-
બિ. અનામત :- ______
કુલ :-

→ બઢતી ના ફાળે જતી કુલ જગ્યાઓમાં સા. વ. વિ. ના તા. ૦૮/૦૩/૯૯ ના ઠરાવ ની જોગવાઇઓ મુજબ જે - તે જાતિ વર્ગો માટે નિયત થયેલી ટકાવારી મુજબ પ્રતિનિધિત્વ જાળવવા માટે ભરવા પાત્ર જગ્યાઓની સંખ્યા

અનુસુચિત જાતિ :- -
અનુસુચિત જન જાતિ :- -
બિન અનામત :- -
કુલ :- -

→ સંવર્ગ ની જગ્યાના સંખ્યાબળમાં તા. ૦૮/૦૩/૯૯ :
બાદ થયેલ વધારો અથવા ઘટાડો :

Scanned with CamScanner

પરીશિષ્ટ - ૨
ચેક લીસ્ટ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧.સામાન્ય વહિવટ વિભાગના તા. ૮-૯-૯૯ ના ઠરાવ તેમજ વખતો વખતના સુધારા અને સામાન્ય વહીવટી વિભાગના તા.૭–૨–૧૯ના ઠરાવ – અન્વયે જગ્યા આધારિત રોસ્ટર રજીસ્ટરો તૈયાર કર્યા છે ? જો હા તો, કયા સંવર્ગ ના છે ? | | | | | |
| | ૨.વિભાગ / ખાતા કચેરીનું નામ | | | | | |
| | ૩. સંવર્ગનું નામ<br>વર્ગ | | | | | |
| | ૪. સંવર્ગનું મંજુર સંખ્યાબળ (૨૦% કાપ બાદ) | | | | | |
| | ૫. ભરતીનિયમોની તારીખ અને નામ નંબર | | | | | |
| | ૬. સીધી/ ભરતી અને બઢતીનું પ્રમાણ | | | | | |
| | ૭. ભરાયેલ જગ્યા __ અને ખાલી જગ્યા____. | | | | | |
| | ૮. ફીડરકેડર ની જગ્યાનું નામ અને વર્ગ | | | | | |
| ૨ | સામાન્ય વહીવટ વિભાગના તા.-૩૧/૧૨/૯૯ ના પરિપત્ર મુજબ રોસ્ટર રજીસ્ટરના પ્રથમ પાને નિયત કરેલ પત્રક લગાડેલ છે. જો હા તો તેની નકલ બિડવી. | | | | | |
| ૩ | જગ્યાની ભરતી / બઢતી રાજ્ય કક્ષાએ કે જીલ્લા કક્ષાએ થાય છે. | | | | | |
| ૪ | રોસ્ટર રજીસ્ટર કયા પરિશિષ્ટ માં બનાવેલ છે ? પરિશિષ્ટમાં દર્શાવેલ ક્રમાંક મુજબ જાતિ અંકિત કરેલ છે? | | | | | |
| ૫ | સીધી ભરતીના છેલ્લા બે પ્રયત્નો/ બઢતીમાં છેલ્લા ત્રણ પ્રયત્નો ક્યારે કરેલ છે. (જે તારીખે પ્રયત્નો કરેલ હોય તે સ્પષ્ટ પણ દર્શાવવી.) | સીધી ભરતી | | બઢતી | | |
| | | ૧ | | ૧ | | |
| | | ૨ | | ૨ | | |
| | | | | ૩ | | |
| ૬ | ભરાયેલ જગ્યામાં કઇ જાતિ વર્ગના પ્રતિનિધિત્વમાં ઘટ આવે છે ? | અ. જા. | અ. જ. જા | સા.શૈ.પ. | આ.ન.વર્ગ | શા.ક્ષતિ |
| | | | | | | |

Scanned with CamScanner

પરીશિષ્ટ - ૨

ચેક લીસ્ટ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | ભરાયેલ જગ્યામાં કઇ જાતિ વર્ગના પ્રતિનિધિત્વમાં બેકલોગ આવે છે ? | અ. જા. | અ.જ.જા. | શા.શૈ.પ.વ. | શા. ક્ષતિ |
| | | | | | |
| ૮ | ભરાયેલ જગ્યામાં ભરતી અને બઢતીમાં અનામતની ટકાવારી હાલની ટકાવારી કરતા વધી જાય છે? જો હો તો કેટલા ટકા વધુ છે? જગ્યાઓની સંખ્યા કેટલી છે ? કઇ જાતિ / વર્ગની છે. | અ. જા. | અ.જ.જા. | શા.શૈ.પ.વ. | શા. ક્ષતિ |
| | | | | | |
| | | | | | |
| ૯ | તા. ૧૬-૦૩-૯૬ પછી બેકલોગની જગ્યાઓ પર સામાન્ય વર્ગના ઉમેદવારોની નિમણૂંક આપેલ છે ? જો હા તો જગ્યાનું નામ ઉમેદવારનું નામ જાતિ / વર્ગ અને નિમણૂંકની તારીખ દર્શાવવી, અને નિમણૂંક માટેના સંજોગો / કારણો | | | | |
| ૧૦ | મંજુર કરાયેલ જગ્યા કરતા વધુ ઉમેદવારો નિમણૂંક પામ્યા હોય તો રજીસ્ટરમાં સંખ્યાધીક યાદી તરીકે દર્શાવેલ છે ? જો હા તો જગ્યાઓની સંખ્યા કેટલી ? | | | | |
| ૧૧ | રોસ્ટર રજીસ્ટરો આપના વહિવટી વિભાગના સંપર્ક અધિકારીએ કયારે પ્રમાણિત કર્યા છે ? | | | | |
| ૧૨ | બેકલોગની જગ્યા ભરવાનું શું આયોજન છે ? તેની વિગતો. | | | | |
| ૧૩ | તા. ૦૮/૦૩/૯૯ પછી બેકલોગની કેટલી જગ્યાઓ ભરાય છે ? | | | | |
| ૧૪ | રોસ્ટર રજીસ્ટરમાં સંવર્ગ માંની યાદી બાદ નીચે તારીજ દર્શાવવી જેમાં જાતિ વાર, પ્રમાણ ઘટ / બેકલોગ સ્પષ્ટ પણે દર્શાવવામાં આવે. | | | | |

તારીખ :-

કચેરીનું નામ :-

વિભાગના રોસ્ટર સંર્પક અધિકારીની સહી

નામ અને હોદ્દો

તારીખ :

વિભાગનું નામ :

વહીવટી વિભાગ/ ખાતા /કચેરીનાં વડાની સહી

નામ :-

હોદ્દો :-

વિભાગનું નામ :

Scanned with CamScanner

પરિશિષ્ટ - ૩

તારીજ

કચેરીનું નામ:

વહીવટી વિભાગનું નામ :-

લાગુ પાડેલ ટકાવારી
અનુ. જાતિ -
અનુ. જ. જાતિ -
સા.શૈ.પછાત વર્ગ -

સામાન્ય વહિવટ વિભાગના તારીખ ૦૮/૦૩/૯૯ અને તા.૦૫/૦૯/૨૦૦૦ અને ૦૭/૦૨/૨૦૧૯નાના ઠરાવ ક્રમાકઃ પવસઃ૧૦૨૦૧૯/૨૨૩/ગ–૪ અનવ્યે જગ્યાઓ આધારિત તૈયાર કરવામાં આવેલ રોસ્ટર રજીસ્ટર પરથી તૈયાર કરવામાં આવેલ તારીજઃ(તા. ___________ અંતિત)

૧. જગ્યાનું નામ :
૨ . વર્ગ :
૩. સંવર્ગ માં મંજુર થયેલ જગ્યા :
૪. ૨૦ ટકા કાપમાં રદ્દ થતી જગા:
૫. ૨૦ ટકા કાપ બાદ ભરવાપાત્ર જગાઃ સીધી ભરતી _____બઢતી ૦૦
૬. ખરેખર ભરાયેલ જગ્યા સીધી ભરતી ___અથવા બઢતી - પરથી નિચેના કોલમામાં વિગતો ભરવી.
(ભરવાપાત્ર જગાઓ કરતા વધુ જગ્યાઓ તારીજ માટેની ગણતરીમાં લેવી નહી.)

| ક્રમ | વિગત | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ.પ. વર્ગ | આ.ન.વર્ગ | બિન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભરવા પાત્ર જગ્યા | | | | | |
| ૨ | ભરાયેલ જગ્યા | | | | | |
| ૩ | આ પૈકી મેરીટના ધોરણે ભરાયેલ જગ્યા | | | | | |
| ૪ | તફાવત ( વધ અને ઘટ ) | | | | | |
| ૫ | કોલમ નં.૪ પૈકી બેકલોગ | | | | | |

સીધી ભરતી માં બે ભરતી પ્રસંગો તથા બઢતીમાં ત્રણ ભરતી પ્રસંગો બાદ ન ભરાયેલ અને આગળ ખેંચાતી જગ્યાઓને બેકલોગ તરીકે દર્શાવી છે.

| | |
|---|---|
| શા. ખો. ખા. થી ભરવા પાત્ર જગ્યાઓ | -- |
| આ પૈકી ભરેલી જગ્યાઓ (કેટેગરી પ્રમાણે) | -- |
| તફાવત વધ કે ઘટ | -- |

શા. ખોડખાંપણ વર્ગની ઘટ ત્રણ ભરતી પ્રસંગો સુધી આગળ ખેંચવાની રહે છે, ત્યાર બાદ બેકલોગ - બનતો નથી.

રોસ્ટર રજીસ્ટર તપાસ્યા છે. અને
પ્રમાણિત કરવામાં આવે છે.

રોસ્ટર સંપર્ક અધિકારીની સહી
નામ :
હોદ્દો :
વિભાગનું નામ :

ખાતું :
વિભાગ :

Scanned with CamScanner

પત્રક - ક

મંજુર થયેલ કુલ : ______

જગ્યાઓમાં વિભાગે રાખવાની થતી અનામત જગ્યાઓની વિગતો દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગ | વર્ગ | મંજુર થયેલ કુલ જગ્યાઓ | સીધી ભરતી અને બઢતી નો રેસીયો | પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર રાખવાની થતી અનામત જગાઓની સંખ્યા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | સીધી ભરતી માં | | | | | | | બઢતી માં | | | |
| | | | | | SC | ST | SEBC | E.W.S. | PH | GEN | Total | SC | ST | GEN | Total |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| | | | | | | | | | | | | - | - | - | - |

વિભાગના રોસ્ટર સંપર્ક અધિકારીની સહી
નામ અને હોદ્દો
તારીખ
ખાતુ / વિભાગ

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

Scanned with CamScanner

## પત્રક - ખ

સીધી ભરતી / બઢતી થી હાલમાં ભરાયેલ કુલ : જગાઓમાં અનામત વર્ગોના પ્રતિનિધિત્વની વિગતો દર્શાવતુ. પત્રક :

| ક્રમ | સંવર્ગ | વર્ગ | ભરાયેલ કુલ જગાઓ | સીધી ભરતીથી ભરાયેલ જગાઓમાં રાખવાની થતી અમાનત જગાઓની સંખ્યા-A | | | | | | | ખરેખર સીધી ભરતીથી ભરાયેલ જગાઓમાં હાલમાં અનામત વર્ગોનું પ્રતિનિધિત્વ-B | | | | | | | A+B (+) વધારો (-) ઘટાડો (*)બેકલોગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | SC | ST | SEBC | EWS | PH | GEN | Total | SC | ST | SEBC | EWS | PH | GEN | Total | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| | | | | | | | | | | | | | | | | | | |
| બઢતી | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | |

વિભાગના રોસ્ટર સંપર્ક અધિકારીની સહી
નામ અને હોદ્દો
તારીખ
ખાતુ / વિભાગ

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

Scanned with CamScanner

# પત્રક - ગ

ભરાયેલી જગાઓમાં ગુણવત્તાના ધોરણે પસંદગી પામેલ ઉમેદવારો તથા શા. ખોડખાંપણ ધરાવતા કર્મચારીઓ તથા મહિલાઓ અને માજી સૈનિકોની જાતિવાર વિગતો. :

| ક્રમ | વિગત | સંવર્ગ/ વર્ગ | ભરાયેલ કુલ જગાઓ | પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર રાખવાની થતી અનામત જગાઓની સંખ્યા | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સીધી ભરતી માં | | | | | | બઢતી માં | | |
| | | | | SC | ST | SEBC | EWS | GEN | Total | SC | ST | Total |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | ગુણવત્તાના ધોરણે પસંદગી પામેલ | ૦૩ | | | | | | | | - | - | - |
| ૨ | શા.ખોડખાંપણ વાળા | ૦૩ | | | | | | | | - | - | - |
| ૩ | મહિલાઓ | ૦૩ | | | | | | | | - | - | - |
| ૪ | માજી સૈનિકો | - | - | - | - | - | | - | - | - | - | - |

હાલમાં સંવર્ગમાં અનામત વર્ગોમાં કુલ પ્રતિનિધિત્વની વિગતો

| ક્રમ | મંજુર થયેલ કુલ જગાઓ | હાલ ભરાયેલ જગાઓ | ખાલી જગ્યા | SC | ST | SEBC | EWS | PH | Woman | EX. SERIViCEMAN |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

વિભાગના રોસ્ટર સંપર્ક અધિકારીની સહી
નામ અને હોદ્દો
તારીખ

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

ગુ. સ. સા. વ. વિ. ઠરાવ ક્રમાંક : પવસ/૧૬૯૬/૮૭૮/ભાગ - ૨ / ગ - ૪ / તા. ૦૫-૦૯-૨૦૦૦ જગ્યા આધારિત રોસ્ટર

Scanned with CamScanner

## સંવર્ગમાં અનામત વર્ગોના પ્રતિનિધિત્વની સંખ્યા તથા વધ / ઘટ / બેકલોગ દર્શાવતું પત્રક ( સીધી ભરતી )

| અનુ. | સંવર્ગ | વર્ગ | જાંતિ વર્ગ | રોસ્ટર મુજબ ભરાયેલ જગ્યાઓમાં રાખવાની થતી અનામત જગ્યાઓની સંખ્યા | હાલ ખરેખર જગ્યાઓમાં અનામત વર્ગોમાં ઉમેદવારોનું પ્રતિનિધિત્વ | વિશેષ નોંધ (+) વધ, (-) ઘટ (.) બેકલોગ , (૫,૬) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | | | અનુ. જાતિ | | | |
| ૨ | | | અનુ. જનજાતિ | | | |
| ૩ | | | શા. શૈ. પ. વર્ગ | | | |
| ૪ | | | આ.ન.વર્ગ | | | |
| ૫ | | | શા. ખો. ખા. | | | |
| ૬ | | | સામાન્ય | | | |
| ૭ | | | કુલ | | | |

## બઢતી

| અનુ. | સંવર્ગ | વર્ગ | જાંતિ વર્ગ | રોસ્ટર મુજબ ભરાયેલ જગ્યાઓમાં રાખવાની થતી અનામત જગ્યાઓની સંખ્યા | હાલ ખરેખર જગ્યાઓમાં અનામત વર્ગોમાં ઉમેદવારોનું પ્રતિનિધિત્વ | કોલમ(૫-૬) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | | | અનુ. જાતિ | - | - | - |
| ૨ | | | અનુ. જ. જાતિ | - | - | - |
| ૩ | | | શા. શૈ. પ. વર્ગ | - | - | - |
| ૪ | | | આ.ન.વર્ગ | - | - | - |
| ૫ | | | શા. ખો. ખા. | - | - | - |

Scanned with CamScanner

<u>ખાસ અગત્યના</u>
<u>તાત્કાલિક</u>
<u>ઈ-મેલ મારફતે</u>

ક્રમાંક : મ/માધ્ય/મા-૨/રોસ્ટરપ્રમાણિત/૨૦૨૦/૨૨૮૩૦-૬૪.
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તારીખ: ૨૦-૧૧-૨૦૨૦.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા : તમામ.

<u>વિષય</u> : બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા અંગેની કેમ્પના કાર્યક્રમ બાબત.

<u>સંદર્ભ</u> : 1. આ કચેરીના તા.૨૦/૧૦/૨૦૨૦ ના પત્ર-ક્રમાંક: મ/માધ્ય/મા-૨/રોસ્ટરપ્રમાણિત/૨૦૨૦/૧૯૨૨૮-૯૧.
2. આ કચેરીના તા.૨૨/૦૮/૨૦૧૯ ના પત્ર-ક્રમાંક: મ/માધ્ય/મા-૨/રોસ્ટરપ્રમાણિત/૨૦૧૯/૨૩૮૮૩-૯૧૧.
3. સા.વ.વિ.ના તા.૦૩/૦૮/૨૦૧૧ ના ઠરાવ-ક્રમાંક: રીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨.

શ્રીમાન/શ્રીમતિ,

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે, અત્રેના સંદર્ભ દર્શિત પત્ર-૧ અન્વયે આપના જિલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની તા.૩૧/૧૦/૨૦૨૦ ની સ્થિતિએ ખાલી જગ્યાઓની માહિતી અત્રેની કચેરીને મળેલ છે.

જેના અનુસંધાને શિક્ષણ વિભાગ તથા સામાજીક અને ન્યાય અધિકારીતા વિભાગ સંયુક્ત ઉપક્રમે ઉક્ત શાળાઓના રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત કરવા કેમ્પનું આયોજન **<u>તા.૦૩/૧૨/૨૦૨૦</u> થી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ, સેક્ટર-૦૭, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે.**

હાલ સબબ નીચે મુજબના જીલ્લાઓ માટે કેમ્પની તારીખ જાહેર કરેલ છે, બાકીના જીલ્લાઓ માટે આગામી ટૂંક સમયમાં કેમ્પની તારીખો આપવામાં આવશે. આથી, નીચે મુજબની સૂચનાઓને ધ્યાને લઈ જિલ્લા કક્ષાએથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરેલા રોસ્ટર રજીસ્ટરો, તારીજો તથા સંબંધિત તમામ વિગતો/આનુષાંગિક આધારો સાથે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ તારીખ |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦૩/૧૨/૨૦૨૦ |
| ૨ | ખેડા | ૦૩/૧૨/૨૦૨૦ |
| ૩ | પાટણ | ૦૩/૧૨/૨૦૨૦ |
| ૪ | દાહોદ | ૦૪/૧૨/૨૦૨૦ |
| ૫ | રાજકોટ | ૦૪/૧૨/૨૦૨૦ |
| ૬ | મહેસાણા | ૦૫/૧૨/૨૦૨૦ |

<u>સૂચનાઓ</u> :

1. **ગત વર્ષના રોસ્ટર કેમ્પમાં જે શાળાઓના રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત થયેલ છે તે સિવાયની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં <u>તા.૦૧/૧૧/૨૦૨૦ ની સ્થિતિએ ખાલી પડનાર જગ્યાઓને</u>** અનુસાર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના પ્રમાણિત કરવાના થતા રોસ્ટર રજીસ્ટરોને જિલ્લા કક્ષાએથી નિયમાનુસાર પ્રમાણિત કરી કેમ્પમાં રજુ કરવાના રહેશે.
2. ગ્રાન્ટેડ શાળાઓના રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત કરવા માટે ગત વર્ષના આયોજીત કેમ્પ સંદર્ભે અત્રેના સંદર્ભ-૨ થી આપેલ સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.
3. રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત કરવાની માર્ગદર્શક પી.પી.ટી. આ સાથે સામેલ છે. જેનો અભ્યાસ કરી રોસ્ટર રજીસ્ટરો તૈયાર કરવાના રહેશે.
4. સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ-૩ ના ઠરાવથી નિયત થયેલ વિકલાંગ વ્યક્તિઓની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓનું રોસ્ટર રજીસ્ટર તથા તે અંગેનું નિયત પ્રમાણપત્ર પણ વિગતો સાથે અચૂક લાવવાનું રહેશે. (નકલ સામેલ છે)
5. નક્કી થયેલ તારીખ પૂર્વે જિલ્લા કક્ષાએ રોસ્ટર રજીસ્ટરો વ્યવસ્થિત તૈયાર અને પ્રમાણિત થાય તે મુજબનું આગતરું આયોજન કરવાનું રહેશે.
6. **વિકલાંગ રોસ્ટર રજીસ્ટર તૈયાર કરતા સમયે નીચેની મુજબની સૂચનાઓ ધ્યાને લેવી.**
   a. આ સાથે સામેલ પ્રમાણપત્ર સહી સિક્કા સાથે લાવવાનું રહેશે.

b. રોસ્ટર રજીસ્ટર મુજબ, તા.૧૯/૦૨/૨૦૦૦ બાદ નિમણૂંક થયેલ તેવા તમામ કર્મચારીઓના નામ અને વિગતો (શારીરિક ખોડખાપણ હોય કે ન હોય તો પણ) વિકલાંગ રજીસ્ટરમાં નોંધવાના રહેશે.

c. નિયત પત્રકના કોલમ ૧ માં ભરતીનું વર્ષ, ~~કોલમ નં.૨-૩~~..., કોલમ નં.૩- મદદનીશ શિક્ષક/શિક્ષણ સહાયક દર્શાવવાના રહેશે. કોલમ નં.૨ માં ક્રમ ૧,૨,૩....

d. કોલમ નં.૪,૫,૬ હાલ પુરતા ખાલી રાખવાના રહેશે.

e. શિક્ષકની નિમણૂક શારીરિક ખોડખાપણ (PH) ની જગ્યાએ થયેલ હોય તો અનામત દર્શાવવાનું રહેશે બાકીના કિસ્સાઓમાં બિન અનામત દર્શાવવું. (બેલગ-૬ ગાઈ)

f. કોલમ નં.૮ માં નિમણૂક થયેલ કર્મચારીનું નામ અને નિમણૂક તારીખ દર્શાવવાની રહેશે.

g. કોલમ નં.૯ માં નિમણૂંક પામેલ કર્મચારીના (નિમણૂંક સમયે) વિકલાંગતાનો પ્રકાર જેવા કે, VH (Visually Handicapped), OH (Orthopedically Handicapped), HH (Hearing Handicapped) કે કોઈ નહી, તે દર્શાવવાનું રહેશે.

h. કોલમ નં.૧૦ માં રીમાર્કરૂપે નિવૃત, રાજીનામું, મૃત્યુ, બરતરફ વિગેરે તારીખ સાથે દર્શાવવાની રહેશે.

સૂચનાઓ તથા સાથે માંગેલ વિગતોનો આપની કક્ષાએથી અભ્યાસ કરી અંગત રસ લઈ, તમામ વિગતો-સહ આપની કચેરીના જવાબદાર અધિકારીશ્રી રૂબરૂ ઉક્ત દર્શિત સ્થળે હાજર રાખવા જણાવવામાં આવે છે. જેથી રોસ્ટર પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરી આગામી આનુષાંગિક પ્રકિયા હાથ ધરી શકાય.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગાંધીનગર.

બિડાણ : સંદર્ભ-૨ અને ૩ ની નકલ અને પ્રમાણપત્રનો નમૂનો.

<u>નકલ સવિનય જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :-</u>

- ઉપસચિવશ્રી, રોસ્ટર શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

અ.નં. મા૩/રોસ્ટર/૨૦૨૦/12347

જિલ્લા શિક્ષણાધિકારી કચેર.
સુરત, જિ. સુરત
તા- 27/11/20

પ્રતિ,
આચાર્યશ્રી
ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ
સુરત, જિ. સુરત,

ઉપરોક્ત દર્શિત પત્ર અન્વયે ૦૧/૧૨/૨૦૨૦ ની સ્થિતિએ માધ્યમિક અને ઉ.મા વિભાગમાં શિક્ષકની જગ્યા ખાલી હોય તો જે શાળાના રોસ્ટર પ્રમાણિત કરવાના બાકી છે તેમણે તા,૦૪/૧૨/૨૦ ને સોમવારના રોજ સવારે ૧૧:૩૦ થી ૦૬:૩૦ સુધીમાં આપ શાળાના લેટરપેડ પર કચેરીની મા-૩ શાખામાં શ્રીમતી ગીતાબેન પટેલને રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવવા હાજર રહેવાનો પત્ર આપવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.

D:\BAC...

સામાન્ય વહીવટ વિભાગનાં તા.૦૩/૦૮/૨૦૧૧ નાં ઠરાવ ક્રમાંકઃ—સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨ નુ બિડાણ પત્રક.

વિકલાંગ વ્યક્તિઓની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓનું રોસ્ટર રજીસ્ટરનો નમુનો.

| ભરતીનું વર્ષ | આવર્તક નંબર અને રોસ્ટર ક્રમાંક નંબર | જગ્યાનું નામ | જો કોઈ જગ્યા ચોકકસ પ્રકારની અપંગતા માટે સુનિશ્ચિત કરાયેલ હોય તો | | | બિનઅનામત કે અનામત (x) | નિમણૂંક અપાયેલ વ્યક્તિનું નામ અને નિમણૂંકની તારીખ | નિમણૂંક પામેલ વ્યક્તિ VH/HH/OH કે કોઈ નહીં (xx) | રિમાર્કસ જો હોય તો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અંધત્વ અથવા ઓછી દૃષ્ટિ VH | શ્રવણની ખામી HH | હલનચલન વિકલાંગતા અથવા મગજનો લકવા OH | | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

(x) જો જગ્યા VH / HH / OH માટે અનામત હોય તો સંબંધિત કોલમમાં દર્શાવવી, અન્યથા બિનઅનામતના કોલમમાં દર્શાવવી.

(xx) નિમણૂંક પામેલ વ્યક્તિ VH / HH / OH કે અન્ય છે તે બાબત સ્પષ્ટ રીતે દર્શાવવી.

**સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૦૮/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨ નું બિડાણ પત્રક**

**વિકલાંગ વ્યક્તિઓની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓનું રોસ્ટર રજીસ્ટનો નમૂનો**

| જિલ્લો : | | | | | | | વિભાગ: | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શાળાનું નામ | | | | | | | | | | |
| ભરતીનુ વર્ષ | આવર્તક નંબર અને રોસ્ટર ક્રમાંક નંબર | જગ્યાનું નામ | જો કોઈ જગ્યા ચોક્કસ પ્રકારની અપંગતા માટે સુનિશ્ચિત કરાયેલ હોય તો | | | બિનઅનામત કે અનામત | નિમણૂંક અપાયેલ વ્યક્તિનું નામ અને નિમણૂંકની તારીખ | | નિમણૂંક પામેલ વ્યક્તિ VH/HH/OH કે કોઈ નહી | રીમાર્કસ જો હોય તો |
| | | | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી (VH) | શ્રવણની ખામી (HH) | હલનચલન વિકલાંગતા અથવા મગજના લક્વા (OH) | | નામ | નિમણૂંક તારીખ | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | | 9 | 10 |
| | 1 | મદદનીશ શિક્ષક/શિક્ષણ સહાયક | | | | | | | | |
| | 2 | | | | | | | | | |
| | 3 | | | | | | | | | |
| | 4 | | | | | | | | | |
| | 5 | | | | | | | | | |

-, -, -, સહી સિક્કો -,

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંક: સીઆરઆર/૧૦૯૪/૧૬૫૪/ગ-૨ તથા ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૦/જી.ઓ.આઈ.૭/ગ-૨, તા.૧૫/૦૨/૨૦૦૧ અને ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨, તા.૦૩/૦૮/૨૦૧૧ અન્વયે વિકલાંગ રોસ્ટર રજીસ્ટર નિભાવવા અંગેની જોગવાઈ મુજબ વિકલાંગ રોસ્ટર રજીસ્ટરમાં નોંધો કરવામાં આવેલ છે.

આચાર્યનો સહી-સિક્કો

જિલ્લા શિક્ષણાધિકારી,

જિલ્લો :